ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૭-૧૧-૨૦૨૨

- **કોંગ્રેસ પક્ષની વિચારધારાથી પ્રેરાઈને વિરમગામ તાલુકાના વરિષ્ઠ આગેવાન - નેતા, અમદાવાદ જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના પૂર્વ ચેરમેનશ્રી મનુજી ઠાકોર કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા**

ગુજરાતમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં "પરિવર્તન સંકલ્પ" સાથે કોંગ્રેસ પક્ષ 125 થી વધુ બેઠક સાથે જવલંત વિજય મેળવવા તરફ આગળ વધી રહી છે ત્યારે "પરિવર્તન સંકલ્પ યાત્રા" વિરમગામમાં આગમન સાથે વિરમગામના તાલુકાના વરિષ્ઠ આગેવાન - નેતા, અમદાવાદ જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના પૂર્વ ચેરમેનશ્રી મનુજી ઠાકોર કોંગ્રેસ પક્ષની વિચારધારાથી પ્રેરાઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરજીના હસ્તે તિરંગો ખેસ પહેરી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા હતા.

કોંગ્રેસ પક્ષના સતત વધી રહેલા જન સમર્થન અને જન આશીર્વાદ દર્શાવે છે કે આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં 125 થી વધુ બેઠક સાથે જવલંત વિજય મેળવી ગુજરાતની જનતાને મોંઘવારી, બેરોજગારી, કથડતી કાયદો વ્યવસ્થામાંથી મુક્તિ આપી જનલક્ષી કોંગ્રેસ પક્ષ સુશાસન પૂરું પાડશે.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા
મો. 9723550355